# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 થી નવી દિશા

**કલ્પેશ નરેન્દ્રભાઈ સોલંકી**
આસિસ્ટન્ટ પ્રોફેસર, મુન્શી મહિલા બી.એડ્. કૉલેજ, ભરૂચ
મો : 96877 07650, E-mail : ksolanki638@gmail.com

1986ની હવે જૂની થઈ ગયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ભૂલતા આજે મૂર્ત સ્વરૂપે જોવા મળતી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ રાષ્ટ્રનો બહુ મોટો પડકાર છે. ખાસ બાળકો માટે મૂકાયેલી આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એ રાષ્ટ્રનાં વિકાસ માટેનો નવો વિચાર છે. રાષ્ટ્રનાં નિર્માણનો પ્રજ્વલિત થતો દીપક છે. જેનો પ્રકાશ ફેલાતા હજી વધુ સમય જશે એ હકીકત છે. પણ ગાડરિયા પ્રવાહમાં જીવતો રહેતો આપણો સમાજ આજે નવી દિશામાં જઈ રહ્યો છે. જે આપણાં સૌ માટે એક આનંદનાં સમાચાર કહી શકાય એમ છે. હવે જૂની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–1986 સામે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020ની અસરકારકતા કેટલે અંશે ઉપયોગી નીવડી શકે એ બાબતનો વિચાર અને તુલના અહી એક લેખ સ્વરૂપે પ્રતિપાદિત કરવામાં આવી છે. પ્રસ્તુત લેખમાં માત્ર શાળા કક્ષાની જ કેટલીક બાબતોની તુલના કરવામાં આવી છે. કારણ જો સમગ્રલક્ષી શિક્ષણની તુલના કરવામાં આવે તો તે એક મોટા પાયાનું સંશોધનાત્મક કાર્ય થઈ પડે.

**શિક્ષણ નીતિની તુલના**

| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૧૯૮૬ | નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ |
|---|---|
| ૧. શિક્ષણનું માળખું 10+2 નું હતું. | ૧. શિક્ષણનું માળખું 5+3+3+4 નું રાખવામા આવ્યું છે. |
| ૨. ધોરણ 10 અને 12ની પરીક્ષાને વિશેષ મહત્વ આપવામાં આવતું હતું. | ૨. ધોરણ – 3, 4 અને 8 માં વિદ્યાર્થીઓની શાળા પરીક્ષા નિશ્ચિત કરેલ સમયે નિયમાનુસાર લેવામાં આવશે |
| ૩. શાળામાં વિદ્યાર્થી કોઈપણ માધ્યમ પસંદ કરીને પોતાને મન ગમતો વિષય ભણતા હતા. | ૩. દરેક ભાષાને મહત્વનું સ્થાન આપીને યોગ્ય સમયે યોગ્ય ભાષા કે વિષય શીખવવામાં આવશે. |
| ૪. મોટેભાગે અભ્યાસક્રમમાં સ્મૃતિ આધારિત ગોખણિયા જ્ઞાનને સમાવિષ્ટ કરવામાં આવ્યું હતું. | ૪. અભ્યાસક્રમમાં પાયાની સંકલ્પનાઓનું મૂલ્યાંકન જેમ કે જ્ઞાનનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ, વિવેચનાત્મક તેમજ સર્જનાત્મક વિચારણાનો સમાવેશ કરવામાં આવશે. |

| | |
|---|---|
| ૫. વિદ્યાર્થીનો કોઈ એક ધોરણમાં અભ્યાસ પૂર્ણ થયા પછી વર્ષના અંતે લેવાતી કસોટી દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવતું હતું. | ૫. વિદ્યાર્થીને નિયમિત સમયાંતરે તેમની ક્ષમતા આધારિત અધ્યયન કેન્દ્રી મૂલ્યાંકન તરફ લઈ જવામાં આવશે. |
| ૬. શાળામાં 8 તાસ માટેની બધી ચોપડીઓ અને નોટબુક ફરજિયાતપણે લઈ જવું પડતું હતું. | ૬. અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિમાં યોગ્ય જરૂરી ફેરફારો કરીને દફ્તર અને પાઠ્યપુસ્તકોના વજનમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવશે. |
| ૭. શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં સીધી ભરતી કરવામાં આવતી હતી. જેમાં D.E.O અને D.P.E.O નાં કોઈ એક કર્મચારી તથા ટ્રસ્ટી મંડળના સભ્યો દ્વારા ગુણાંકન કરવામાં આવતું હતું. | ૭. શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં તેઓના વિષય સંબંધિત વિષયોમાં લેવાતી TET અને TAT જેવી કસોટીનાં ગુણને તથા શિક્ષણ માટેની અભિયોગ્યતા અને ઉત્સાહને તપાસવા માટે રૂબરૂ મુલાકાત કે નિદર્શન પાઠનું આયોજન કરવામાં આવશે. |
| ૮. વિદ્યાર્થીઓની અધ્યયન – અધ્યાપન પ્રક્રિયામાં વિષયવસ્તુ પર વિશેષ ભાર આપવામાં આવતો હતો. | ૮. વિદ્યાર્થી સમક્ષ સમસ્યાઓ હશે અને તે સમાધાન કરવા મથામણ કરશે તેમજ તાર્કિક અને સર્જનાત્મક રૂપથી વિચારીને શીખશે. |
| ૯. મોટેભાગે પુસ્તકિયા જ્ઞાનને વધુ મહત્વ આપવાથી પોતાની ઇન્દ્રિયોનો ઓછો ઉપયોગ થતો જોવા મળતો હતો | ૯. "ભણવા પૂરતું ભણવાનું" એ સંકલ્પના દૂર કરી રોજગારી મળી રહે તે મુજબનું શિક્ષણ હાંસલ કરશે. |
| ૧૦. શિક્ષણ મેળવવાની શરૂઆત બાળપણમાં ૬ વર્ષની ઉંમરથી થતી હતી. | ૧૦. માત્ર 6 વર્ષની ઉંમરથી જ પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણનો સમાવેશ કરવામાં આવશે |
| ૧૧. નિમ્ન પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીમાં પૂરતા સ્ટાફની ભરતી કરવાની હોવા છતાં પૂરતા સ્ટાફની ભરતી કરવામાં આવી નથી. | ૧૧. બધી સંસ્થાઓમાં પ્રારંભિક બાળ સંભાળથી લઈને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રમાં ખાસ તાલીમ પામેલા શિક્ષકો/કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. |
| ૧૨. આંગણવાડીના બાળકો માત્ર ચાર દીવાલોની વચ્ચે રહીને રમતા અને ભણતા હતા. | ૧૨. આંગણવાડી કેન્દ્રના બાળકો ચાર દીવાલોમાંથી બહાર નીકળી જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા ત્યાંની સ્થાનિક પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મુલાકાત લેશે. |

| | |
|---|---|
| ૧૩. કેટલીક જોવા મળતી મુશ્કેલીઓ સામે નોંધપાત્ર પ્રમાણમા વિદ્યાર્થીઓ ધોરણ – 5 પછી અને મોટેભાગે ધોરણ – 8 પછી શાળા છોડી દેતા જોવા મળતા હતા. | ૧૩. વિદ્યાર્થીઓને અસરકારક અને પૂરતી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી તેમજ સલામત અને યથાયોગ્ય વાહન વ્યવહાર અથવા વિશિષ્ટ પ્રકારની છાત્રાલયોની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. |
| ૧૪. દરેક પ્રકારની શાળાઓમાં ભાષાનું સ્થાન જુદા જુદા પ્રકારનું જોવા મળતું હતું. જેમાં જેવો પ્રદેશ તે મુજબ જે તે શાળામાં ભાષાનું માધ્યમ રાખવામા આવતું હતું. | ૧૪. ઓછામાં ઓછા ધોરણ 4 સુધી અને વધુમાં વધુ ધોરણ 8 સુધી માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવશે. |
| ૧૫. શિક્ષકોનો મોટાભાગનો સમય બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર વેડફાતો જોવા મળતો હતો. | ૧૫. શિક્ષકોનો વધુ સમય એવા વહીવટી કાર્યોમાં સામેલ નહીં કરતાં તેમની અધ્યયન – અધ્યાપનની ફરજો પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકે |

21મી શતાબ્દિની પહેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એટલે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020. આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિને બહુ સારી રીતે પાર પાડવા માટે રાષ્ટ્રને આપણાં સૌનું પ્રમાણિક યોગદાન મળવું જોઈએ. જેથી કરીને આ નવી શિક્ષણ નીતિના ઉદ્દેશોને આપણી પાસે રહેલી સૂઝબુઝ અને આવડતથી ઉજાગર કરી શકીએ. શિક્ષણથી દેશમાં નાનામાં નાની વ્યક્તિ એટલે કે અતિ પછાત – ગરીબ ગણાતો સમાજ કે સમુદાય વંચિત ન રહી જાય તે ખૂબ જ નોંધનીય બાબત ગણી શકાય. આ બાબતને ધ્યાને લેતા જણાશે કે નક્કી થયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વ્યક્તિને સંપૂર્ણ નાગરિક બનવાનો ઉત્તમ પ્રયાસ દેખાઈ રહ્યો છે. વ્યક્તિ એવા પ્રકારનું કામ કરે કે તે પોતાની જાતને સક્ષમ બનાવીને સ્વાવલંબી બની શકે. દરેક પ્રકારના ક્ષેત્રો વિશે તે જાણતો અને સમજતો થાય. આમ સમગ્ર શિક્ષણ પ્રણાલિના માળખાને નવેસરથી તૈયાર કરવાનું કાર્ય એ ભગીરથી કાર્ય કહી શકાય એમ છે. કારણ કે તે વધુ અસરકારક અધ્યયન કૌશલ્યોનો વિકાસ કરી શકે. તેથી પૂર્વ પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ જગતમાં અવનવા સુધારા લાવીને ઉચ્ચત્તમ ગુણવત્તા, સમાનતા અને ઐક્યતા સાધવા માટેના ગુણોનો વિકાસ યોગ્ય દિશાએ થતો જોવા મળી રહેશે.

1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિશેષતઃ મુખ્ય જોર માત્રને માત્ર શિક્ષણ પર જ રહ્યો હતો. એન.પી.ઈ.(N.P.E) દ્વારા આ શિક્ષણ નીતિને 1992માં સંશોધિત કરવામાં આવી હતી. જેમાં કેટલીક અધૂરપતાને પૂર્ણ કરવાના હેતુસર 1986 થી 1992માં ડોકિયું કરતાં 1986ની શિક્ષણ નીતિમાં જરૂરી સુધારા – વધારા દર્શાવવામાં આવ્યા હતા. હવે આપણે

આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સાથે જોડાયેલા નીચે દર્શાવેલ કેટલાક પરિબળો પર પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરીએ.

**૧. વિદ્યાર્થી**

વિદ્યાર્થીઓના થતાં સર્વાંગી વિકાસને ધ્યાને લઈને ઘડવામાં આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં વિદ્યાર્થીઓ હવે મુક્ત મને વિહરી શકશે. તેમજ જીવનમાંથી અદ્રશ્ય થઈ ગયેલી શારીરિક વિકાસની રમતો હવે રચનાત્મક અને સર્જનાત્મક સ્વરૂપે પ્રકાશિત થતી જોવા મળશે. કારણ કે બાળક સવારે વહેલો ઊઠી વજનદાર બૅગ ઉપાડીને શાળાએ જતો, બપોરે શાળાએથી આવીને ગૃહકાર્ય કરતો. ત્યારબાદ ટ્યુશન કલાસ અને પછી ટી.વી.જોવું. રોજની થતી આ ક્રિયાને લીધે બાળક શારીરિક વિકાસની કોઈપણ પ્રવૃત્તિ કરી શકતો નથી. પરિણામ સ્વરૂપે કેન્દ્રિય શિક્ષણ ખાતા દ્વારા જાહેર કરવામાં આવેલી નવી સ્કૂલ બૅગ નીતિ–2020 અનુસાર બાળકની સ્કૂલ બૅગનું વજન તેના પોતાના વજનનાં 10% કરતાં ઓછું હોવું જોઈએ. તદુપરાંત ધોરણ–2 સુધીના વિદ્યાર્થીઓને ગૃહકાર્ય ન આપવાનો નિર્દેશ પણ સ્પષ્ટપણે કરવામાં આવ્યો છે. જ્યારે ધોરણ–3 થી ધોરણ–5 સુધીમાં ભણતા વિદ્યાર્થીઓનું ગૃહકાર્ય અઠવાડિયામાં 2 કલાકનું તેમજ ધોરણ–6 થી 8 ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે ગૃહકાર્ય દિવસમાં 1 કલાકનું રાખવામા આવ્યું છે. માધ્યમિક શિક્ષણ ગણાતા ધોરણ 9 થી 12માં વિદ્યાર્થીઓએ માટે દૈનિક વધુમાં વધુ 2 કલાકનું ગૃહકાર્ય આપવાનું નક્કી કરાયું છે.

જેમાં આગળ વાત કરીએ તો પુસ્તકો છાપનાર પ્રકાશકોએ પણ પુસ્તકો પાછળ જે તે પુસ્તકનું કેટલું વજન છે એ છાપવાનું રહેશે. એટલુ જ નહીં પણ બાળક જ્યારે પણ શાળામાં પ્રવેશે છે ત્યારે તેમના દફતરનું વજન કરીને જ તેમને શાળાની અંદર લેવામાં આવશે. આમ ભાર વિનાના ભણતરથી વિદ્યાર્થી ચોક્કસ તબક્કે આગળ વધીને પોતાનું શિક્ષણ મેળવી શકશે.

**૨. શિક્ષક**

આપણે સૌ જાણીએ છીએ કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષકની ભૂમિકા સવિશેષ બની રહેશે. તેથી રચાઇ રહેલી આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની શિક્ષણ વ્યવસ્થામાં સાચા અર્થમાં બુનિયાદી બદલાવ લાવવાના કેન્દ્રના મૂળમાં શિક્ષક હોવો જોઈએ. આ માટે સમાજે શિક્ષકોને સર્વાધિન સન્માનનો સભ્ય તરીકે જોઈ તેમને જરૂરી મદદ કરવી જોઈએ. કારણ કે શિક્ષક જ વ્યક્તિને એક સાચો ઉત્તમ નાગરિક બનાવી આવનારી એક ઉત્તમ પેઢીને આકાર આપે છે. જે હકીકત છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષક હવે બાળકને નજીકથી જાણી શકશે, તેમનામાં રહેલી વિશિષ્ટ શક્તિઓને પારખી લઈ તેમને જરૂરી અને દિશાસૂચક માર્ગદર્શન આપશે. જેથી કરીને બાળક પોતાની પસંદગીના રસવાળા વિષયમાં આગળ વધી ચોક્કસપણે સફળતા

મેળવી શકશે. આ નીતિમાં પણ શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીઓ સાથે ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ તરીકેનું જ રહેશે. જેમાં કોઈ બે મત નથી.

### ૩. વાલી ( માતા–પિતા)

દેખાદેખીમાં સપડાયેલા વાલીવર્ગ માટે હવે ઘણીબધી ચિંતાજનક બાબતોમાં ઘટાડો જોવા મળશે. કારણ કે પોતાનું બાળક હવે તેમની ઈચ્છાનુસાર અને મનગમતો વિષય પસંદ કરીને તેમાં પૂરે પૂરો રસ દાખવી શિક્ષણ પ્રાપ્ત કરવાનો ઉત્તમ પ્રયાસ કરશે. જેનું યોગ્ય અને સાચું ગણાતું પરિણામ હવે દરેક બાળકના માતા–પિતાને લાંબાગાળે જોવા મળશે. જેમાં બાળકની પાછળ જેટલું ધ્યાન શિક્ષક રાખે છે તેથી વિશેષ ધ્યાન વાલી તરીકે માતા–પિતાએ પણ રાખવું યથાવત બની રહેશે. આધુનિક યુગનાં વિદ્યાર્થીઓના વાલીઓની એવા પ્રકારની માનસિકતા જોવા મળે છે કે પોતાના બાળકની સ્કૂલ બૅગ જેટલી વધુ વજનદાર તેમજ જે તે શાળામાં વધુ ગૃહકાર્ય આપવામાં આવે તેવી જ શાળાઓ તેમને મન ઉત્તમ. પરંતુ પુસ્તકિયું જ્ઞાન મેળવીને પોતાના બાળકને આગળ વધારવાની પ્રયુક્તિ લાંબાગાળે સફળ નિવડતી નથી. તેથી આ નવી શિક્ષણ નીતિમાં વાલીઓએ પણ એટલો જ સહકાર આપવો એ રાષ્ટ્રની પ્રગતિ માટે હિતાવહ બની રહેશે.

### ૪. સમાજ

ટૅક્નોલોજીનાં યુગમાં આજે મોટાભાગનો સમાજ એટલો બધો આધુનિક બની રહ્યો છે કે સમાજમાં થતાં વિવિધ સામાજિક પ્રસંગોમાં ઈચ્છાનુસાર ઉપસ્થિત રહીને અદ્રશ્ય થઈ જતો જોવા મળે છે. તેવા સમયે વ્યક્તિએ વધુ સામાજિક બનવાની જરૂરિયાત ઊભી થાય છે. કારણ આપણે સૌ જાણીએ જ છીએ કે વ્યક્તિ સમાજમાં જન્મે છે, સમાજમાં ઉછળે છે, સમાજમાં વિરમે છે અને સમાજમાં જ આથમતો જોવા મળી રહે છે. ભણેલી ગણેલી ગણાતી વ્યક્તિ જ્યારે પોતાના સમાજમાં વંચિત વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સફળતા અપાવવામાં મદદ કરે તેમજ જરૂરી પ્રોત્સાહન પૂરું પાડે તે આવશ્યક બાબત છે.

સમાજે નવ નિર્મિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો બરાબર અભ્યાસ કરી તે વિશે જાણીને રાષ્ટ્ર હિતમાં મદદરૂપ થવું જોઈએ. દરેક સમાજ બાળકો વધુ અભ્યાસ કરી આગળ વધે તે માટે શાળાને યથા શક્તિ મુજબ નાણાકીય અને શૈક્ષણિક સાધનો પૂરા પાડી શિક્ષણ કાર્યને વધુ અસરકારક બનાવી શકે. જેથી તમામ વિદ્યાર્થીઓ માટે વ્યાવસાયિક, શૈક્ષણિક અને કારકિર્દી માર્ગદર્શનલક્ષી શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે. સાથે સાથે શારીરિક, માનસિક અને ભાવાત્મક સુખાકારી માટે સલાહકારો પણ હશે. હવે બધા જ બાળકો ભણી ગણીને આગળ વધે એવું વિચારીને દરેક સમજે શાળાની પડખે ઊભું રહેવું પડશે. તેથી તો કહેવાયું છે કે શાળાએ સમાજની લઘુ આવૃત્તિ છે. સમાજથી અલિપ્ત રહીને શાળાનો વિકાસ સાધી શકાતો નથી. શાળાનું ભાવાવરણ હકારાત્મક બની રહે તે માટે સમાજની ભૂમિકા મહત્વની બની રહે છે. વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકો પણ સામાજિક પાસા પર વધુ ધ્યાન આપશે. જે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની દ્રષ્ટિએ હંમેશા આવશ્યક બાબત છે.

શિક્ષક, વિદ્યાર્થી, વાલી અને સમાજ એ ચાર પરિબળો શાળા સાથે સીધે રીતે સંકળાયેલા જોવા મળે છે. જુદા જુદા સમાજમાં જોવા મળતા રીત રિવાજો, પરંપરાઓ અને સંસ્કૃતિ એ સૌની આગવી ઓળખ છે. તેથી દરેક સમાજવર્ગને ધ્યાનમાં રાખીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું નિર્માણ થઈ રહ્યું છે. અતિ પછાત ગણાતા સમાજનો બાળક ભણે અને આગળ વધે એવી ચિંતા પણ આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સેવાતી હોય એવું જોવા મળી રહ્યું છે.
આમ ભાર વિનાના ભણતરથી વિદ્યાર્થી ચોક્કસ તબક્કે આગળ વધીને પોતાનું શિક્ષણ મેળવી શકશે. તે માટે વિદ્યાર્થીઓને પોતાની રસરુચિ મુજબ શિક્ષણ મેળવવાની વ્યવસ્થા તથા ખેલ કૂદથી સક્રિય રાખવાથી બાળકોનું શિક્ષણ પ્રત્યેનું આકર્ષણ વધી જશે. બાલ્યાવસ્થા કે તરુણાવસ્થાનાં બાળકો માટે ક્રિયા દ્વારા શિક્ષણ મેળવવાની પ્રક્રિયા એ તેમનાં માટે ઘણી આનંદની વાત કહી શકાય એમ છે. તેથી તેમની આ ક્રિયાને ધ્યાને લઈને નક્કી થયેલી શિક્ષણ નીતિની નિર્દેશિત ભલામણો આવકાર્ય અને અગત્યની છે. જેમાં વિદ્યાર્થી પોતે ક્રમશઃ આગળ વધીને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખી લઈ તે પ્રમાણેનું શિક્ષણ કાર્ય મેળવશે. તો ચાલો આપણે સૌ આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને વાંચીએ, સમજીએ અને તેનો વધુને વધુ અભ્યાસ કરીએ.

